॥ શ્રી સંતરામ મહારાજ સત્ય છે ॥

# સંત સુધા

## શ્રી સંતરામ મંદિર, નડિયાદ.

---

સૌજન્ય : અ.સૌ. પંકજબેન અને શંકરભાઈ પટેલ પરિવાર,
Manassas, Virginia, U.S.A.

પ્રકાશક : શ્રી સંતરામ ભક્ત સમાજ, યુ.એસ.એ.

# संत सुधा

**सदा धारयन्तं हृदि ब्रह्मतत्त्वं  भववन्धौ जनानां भयं भञ्जयन्तम् ।**
**सतां नन्दयन्तं धियं प्रेरयन्तं महायोगिराजं भजे संतरामम् ॥ १ ॥**

હૃદયમાં સદાય બ્રહ્મતત્ત્વને ધારણ કરનારા, ભવસાગરમાં ડૂબેલા ભક્તોના ભયને દૂર કરનાર, સજ્જનોને આનંદ આપનાર, બુદ્ધિના પ્રેરક મહા યોગીશ્વર શ્રી સંતરામ મહારાજશ્રીનો આશ્રય કરી રહ્યો છું.

**नरकारदेहं परानन्दरुपं  सदायोगभाजामदू रेवसन्तम् ।**
**शरच्चन्द्रवक्तं लसत्पद् मनेत्रं महायोगिराजं भजे संतरामम् ॥ २ ॥**

માનવદેહ છતાં પરાનન્દરૂપ, સદાય યોગીઓના સમીપ વસનારા, શરદ ઋતુના ચંદ્રસમાન મુખમંડલવાળા, કમલસમાન સુંદર નેત્રવાળા, મહાયોગી શ્રી સંતરામ મહારાજશ્રીનો આશ્રય કરી રહ્યો છું.

**वरेण्यं शरण्यं चिदानन्दरुपं  दयालुं विशालं गुरुं ज्ञानमूलम् ।**
**कृपासागरं तं शुभं लोकनाथं  महायोगिराजं भजे संतरामम् ॥ ३ ॥**

શ્રેષ્ઠ શરણલાયક, ચિદાનન્દરૂપ, દયાળુ, વિશાળ ગુરૂજ્ઞાનના મૂલરૂપ, દયાસાગર, કલ્યાણકારી, લોકસ્વામી, મહાયોગી શ્રી સંતરામ મહારાજશ્રીનો આશ્રય કરી રહ્યો છું.

**यतीन्द्रं मुनीन्द्रं व्रतेशं जनेशं  महेशं महान्तं नतोऽहं नतोऽहम् ।**
**सुधारसाररुपं सदानन्दरुपं  महायोगिराजं भजे संतरामम् ॥ ४ ॥**

સંતો અને મુનિઓમાં શ્રેષ્ઠ, વ્રતોનું ધારણ કરનાર, લોકસ્વામી, મહેશ, મહાન સંતને નમી રહ્યો છું, નમી રહ્યો છું. અમૃતના સારરૂપ, નિત્ય આનંદરૂપ, મહાયોગીશ્વર શ્રી સંતરામ મહારાજશ્રીનો આશ્રય કરી રહ્યો છું.

**मुखे ज्ञानगङ्गा हृदि ध्याननिष्ठा सुभालं विशालं गले दिव्यमाला ।**
**शिवं दिव्यरुपं विशालं च वक्षो महायोगिराजं भजे संतरामम् ॥ ५ ॥**

જેઓના મુખેથી જ્ઞાનગંગા વહી રહી છે, હૃદયમાં ધ્યાનનિષ્ઠા રહી છે, સુંદર વિશાળ ભાલ, ગળામાં દિવ્યમાળા, કલ્યાણકારી દિવ્યરૂપ, વિશાળ છાતીવાળા મહાયોગીશ્વર શ્રી સંતરામ મહારાજશ્રીનો હું આશ્રય કરી રહ્યો છું.

**सुखं शान्तरुपं सदानन्दभाजां कृपाविष्टचित्तं वरिष्ठं सुपूज्यम् ।**
**शुभं मङ्गलं वै लसच्चन्द्ररुपं महायोगिराजं भजे संतरामम् ॥ ६ ॥**

સુખ આપનાર, પરમ શાંત, સદાનન્દકારી, દયાળુ ચિત્તવાળા, શ્રેષ્ઠ અને પૂજ્ય એવા શુભ મંગલકારી, ચંદ્રસમાન શોભતા મહાયોગીશ્વર શ્રી સંતરામ મહારાજશ્રીનો આશ્રય કરી રહ્યો છું.

**प्रसिद्धं प्रबुद्धं विशुद्धं विभान्तं महाराजराजं सदा सौम्यरुपम् ।**
**सदैवं प्रभाते हृदि ध्याननिष्टं महायोगिराजं भजे संतरामम् ॥ ७ ॥**

પ્રસિદ્ધ, પ્રબુદ્ધ, વિશુદ્ધ, પ્રકાશમાન, મહારાજ, રાજ, સૌમ્ય સ્વરૂપ, હૃદયમાં નિત્ય ધ્યાન ધરનારા, મહાયોગીરાજ શ્રી સંતરામ મહારાજશ્રીનો આશ્રય કરી રહ્યો છું.

**प्रसन्नं प्रभुं पावनं पावनानां प्रकाशं शुभाङ्गं सदा ज्ञानगम्यम् । ।**
**समाधौ सुशान्तं विभुं व्यापकं तं महायोगिराजं भजे संतरामम् ॥ ८ ॥**

પ્રસન્ન, પ્રભાવી, પવિત્રોમાં પવિત્ર, તેજસ્વી, શુભ અંગોવાળો, નિત્ય જ્ઞાનથી સમજાય તેવા, સમાધિમાં શાંતરૂપે રહેલા, વિભુ અને વ્યાપક એવા મહાયોગીશ્વર શ્રી સંતરામ મહારાજશ્રીનો આશ્રય કરી રહ્યો છું.

**सतां नित्यसेवी सुविद्यानुरागी प्रदानैः प्रसिद्धो कलौ धर्मरुपः ।**
**समाधौ सदा दिव्यरुपं प्रसन्नं महायोगिराजं भजे संतरामम् ॥ ९ ॥**

સદા સંતોની સેવા કરનારા, સદ્ વિદ્યા પ્રત્યે અનુરાગ ધરાવનારા અને ભક્તિના દાન દ્વારા પ્રસિદ્ધ કલિકાલમાં મૂર્તિમંત ધર્મરૂપ, સમાધિમંદિરમાં દિવ્ય રૂપે રહેલા પ્રસન્ન મહાયોગીરાજ શ્રી સંતરામ મહારાજશ્રીનો આશ્રય કરી રહ્યો છું.

**स्तोत्रं श्रीसंतरामस्य कलौ कल्याणकारकम् ।**
**भक्तया यो हि पठेन्नित्यं स याति परमां गतिम् ॥ १० ॥**

કલિકાલમાં આ શ્રી સંતરામ સ્તોત્રનો જે ભક્તિપૂર્વક પાઠ કરે છે તે શ્રેષ્ઠ ગતિને પામે છે.

# ॥ શ્રી સંતરામ સંકટ હરણ સ્ત્રોતમ્ ॥

જય જગત કારણ દુઃખ નિવારણ, તરણ તારણ સંત છો.
ઐશ્વર્યવંત અનંત ને, ભંગવત બુદ્ધિમંત છો,
સહુ કષ્ટને હરનાર સુખ કરનાર શાન્તિ પ્રસારજો,
સંકટ હરણ સંતરામ, મારાં/સૌના સંકટો નિવારજો.

ગુણવાન શક્તિમાન કેરું, સદ્ય શુભ કરનાર છો;
ભવભીડ ભાંગી ભક્તની, ભવનીર તારણહાર છો;
રોગ, રિપુને યાતના, તે સર્વને સંહારજો,
સંકટ હરણ સંતરામ, મારાં/સૌના સંકટો નિવારજો.

તવ ચરણ અશરણ શરણ છે. અભરા ભરણ વિખ્યાત છો;
વિભુ ધરણ ધરતી હરણ કષ્ટો, સુખકરણ સાક્ષાત છો;

પરિતાપ તારણ દુઃખ નિવારણ, વિપદ ઘન વિદાર જો,
સંકટ હરણ સંતરામ, મારાં/સૌના સંકટો નિવારજો.

પ્રભુ સર્વ વ્યાપક સ્થિર સ્થાપક, કષ્ટ કાપક ઈશ છો,
મુનિન્દ્ર ઈન્દ્ર ઉપેન્દ્ર, બ્રહ્માદિકમાંહી અધીશ છો,
છો શોક ટાળક જગત પાલક, અરિષ્ટથી ઉગારજો,
સંકટ હરણ સંતરામ, મારાં/સૌના સંકટો નિવારજો.

પ્રભુ સુખશાતા અભયદાતા, છો વિધાતા જગતના
તાત માતા વિશ્વત્રાતા, શુરભ્રાતા ભકતના,
હે તાત મારી નમ્ર આ, અભ્યર્થના ઉર ધારજો.
સંકટ હરણ સંતરામ, મારાં/સૌના સંકટો નિવારજો.

મૃતનેય જીવન આપનાર, પીડા શામક આપ છો,
તાત બ્રહ્મા સૃષ્ટિ સર્જક, વિષ્ણુ પાલક આપ છો,
શિવ છો કલ્યાણકારી, દત્ત પ્રભુ જય જય હજો
સંકટ હરણ સંતરામ, મારાં/સૌના સંકટો નિવારજો.

છો શ્રેષ્ઠસંત અનંત મંગલધામ, ને ગુણવંત છો,
સાકાર નિરાકાર જગદાધાર ને, બળવંત છો,
અમંગલ હરજો સકળ ને સર્વ મંગલમય હજો,
સંકટ હરણ સંતરામ, મારાં/સૌના સંકટો નિવારજો.

સંત સ્મરણે ભૂત પ્રેત, પિશાચ પિડા જાય છે,
શતવાર કરશે પાઠ તે, ઘર સુખ શાન્તિ થાય છે,
દુસ્તર પ્રભુ સંસાર છે, તો ભવાબ્ધિથી તારજો,
સંકટ હરણ સંતરામ, મારાં/સૌના સંકટો નિવારજો.

# ॥ રિધ્ધિ સિધ્ધિ સુખ શાન્તિ ॥

રિધ્ધિ સિધ્ધિ સુખ શાન્તિ, વિશ્વને જે આપતા,
દુઃખ દર્દ યાતના, દયા કરી નિવારતા,
અપાર ઉપકાર જેના, કેમ ભૂલું નામને ?
ઊઠી પ્રભાતે હું સ્મરુ, શ્રી રામ સંતરામને.
સુર મુનિવર પણ સદૈવ, ચરણ જેના સેવતા,
યોગીઓ પણ ધ્યાન ધરે, પાર કો ન પામતા,
શેષ, યક્ષ, શારદા જપે છે દત્ત શ્યામને,
ઊઠી પ્રભાતે હું સ્મરુ, શ્રી રામ સંતરામને.

સન્મતિ સુસંતતિ ને, સદ્‌વિચાર આપજો,
કામ, ક્રોધ, લોભ, મોહ; ષડરિપુ નિવારજો.
મંગલાયતન, સિધ્ધ કરજો, સર્વ શુભ કામના
ઊઠી પ્રભાતે હું સ્મરુ, શ્રી રામ સંતરામને
સૂર્ય, ચંદ્ર, પશુ, પંખી; વૃક્ષમાં પણ આપ છો,
સૃષ્ટિ મધ્યે જયાં જુઓ ત્યાં દ્દશ્યમાં પણ આપો છો;
સ્વીકારજો પ્રભુ અમારા, પ્રેમથી પ્રણામને
ઊઠી પ્રભાતે હું સ્મરુ, શ્રી રામ સંતરામને

# ગુરૂના વેણનો રાખો વિશ્વાસ - થાળ

ગુરૂના વેણનો રાખો વિશ્વાસ સત્ગુરૂજી પધારીયા.... ટેક

કામ, ક્રોધ, મોહ ત્યાગીએ,
મન ઠરીને નિર્મલ થાય રે (૨)
મહામંત્ર ત્યારે મળે રે,
મનના વિષય સઘળા જાય.... સત્ ગુરૂ

અમરમંત્ર શીખીને,
પાઠપૂજા કરજે સાર રે (૨)
સજીવન મંત્ર એ જ છે રે,
એની રહેણી ખાંડાની ધાર... સત્ ગુરૂ

મૂલ મંત્ર જે કહ્યો,
ભાવ ભરોસે રાખે સાથ રે (૨)
તારક મંત્ર આપીને રે,
ગુરૂએ મસ્તક મૂકયો હાથ... સત્ગુરૂ

ગુરૂએ મંત્ર બતાવીઓ,
તેનું મનન કરજે મન રે (૨)
એવા સદ્ગુરૂ જેને મળ્યા રે,
તેનું જીવન કહીએ ધન્ય.... સત્ગુરૂ

સાંભળશે તો સહુએ જન પણ,
આદરશે કોઈ એક રે (૨)
સુખસાગર તમો ઝાલજો રે,
તમારા ઈષ્ટદેવની ટેક.... સત્ગુરૂ

સતનો થાળ સ્વામી સજ કર્યો,
વિવેક વસાણું માંહ્ય રે (૨)
વિચાર વડાંને વેઢમી રે,
જુગતે જમવાને આવ્યા આંહ્ય.... સત્‌ગુરૂ

શીલ સંતોષના લાડવા,
ગલવણું ઘણો આનંદ રે (૨)
ઉલટે કર્યાં સુલટાં રે,
લક્ષ લાવે કેળાંને કંદ.... સત્‌ગુરૂ

ભાવનો ભાત આરોગજો,
માંહી દયા દાળ છે સાર રે (૨)
પ્રેમનાં ગરથ બનાવીયાં રે,
છલતી છલતી છલકાવોને ધાર.... સત્‌ગુરૂ

આરોગીને ઉઠીયા,
જલપાન થાશે માંહ્ય રે (૨)
સુખસાગર દર્શન કરો રે,
ગંગા જમના સરસ્વતી આવ્યાં આંહ્ય.... સદ્ગુરૂ

પ્રીત પાન મંગાવીયાં,
લેહે નીત નાગરવેલ રે (૨)
સોપારી સહુમાં ભળ્યું રે,
મુખ બીડીને મુખમાં મેલ..... સત્ગુરૂ

## ॥ મહારાજને ખોળે માથુ મૂક્યું ॥

મહારાજને ખોળે માથુ મૂક્યું, સોહંગની સોડ તાણી રે;
નિંદરની તો લહેર લાગી, ભ્રમણા ગઈ સૌ ભાંગી રે.....

દુર્વત્તિ તો ભાગી દોડી, સહેજે શાંતિ ઓઢી રે;
વાસના તો વિરમી ગઈને, સહજ સમાધિ લાગી રે.....

સદાય રહેજો આવી રીતે, મહારાજ મારી પ્રીતે રે;
રોજ રાતે નિર્મલ ભાવે, પ્રાર્થી પ્રભુને સુવે રે.....

મહારાજ તેના વિકાર હરશે, હ્રદિયે 'રામ' રહેશે રે.....

**જય મહારાજ જય મહારાજ, કરુ તમારી સેવા.....**
**જય મહારાજ જય મહારાજ, ભક્તિ આપો જય મહારાજ.**
**જય મહારાજ જય મહારાજ, શક્તિ આપો જય મહારાજ.**